સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતિ વર્ષ)
અધ્યક્ષોમાં આજ-કાલ તાટસ્થ્ય તૂટે છે!
ને 'પદ' પ્રત્યેની વફાદારી પણ ખૂટે છે!
છૂટે ન માયા પોતાના મૂળ પક્ષ પ્રત્યેની-
તેથી જ તંત્રને ચિંતાના અંકૂર ફૂટે છે...
(અધ્યક્ષોનું યોગ્ય સમયે વાજબી ચિંતન)

હાઈકુ

શોભા-ગાંઠીયો-
બંધારણ બન્યું છે-
પ્રદર્શનીય!!
(આકર્ષણનું કેન્દ્ર બન્યું)

ખેલ સત્તાનો,
નચાવે એમ નાચે-
પ્રિસાઈડીંગ્સ!
(બિચારાં કઠપૂતળાં!)

ચિંતન

આપ્તવાક્યમનાદત્ય, દર્પેણાચરિતં યદિ
ફલિતં વિપરીતં તત્, કા તત્ર પરિવેદના ॥

ઉપરોક્ત શ્લોક શ્રી વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જો કોઈ હિતેચ્છુ, વડીલ, વાલીના વચન સલાહને અવગણીને પણ, પોતાના અહંકારવશ કોઈ કાર્ય-સાહસ-પરાક્રમ કરી બેસે ને પછી એનું વિપરીત પિરણામ ફળ ભોગવવાનો વારો આવે ત્યારે નિરર્થક કલ્પાંત ધોખો-અફસોસ કરવાથી શું? કારણ આ પરિસ્થિતિનું સર્જન કરવાનું કારણ એ જાતે જ છે.

કેટલાંક લોકો પોતાને જ સર્વસ્વ અને બુદ્ધિ-પ્રતિભામાં સંપૂર્ણ સમજતાં હોય છે. પોતાનો નિર્ણય એટલે ફાઈનલ એમ સમજતાં હોય છે-પછી એ નિર્ણયના અવળાં પરિણામ ભોગવવાનો સમય આવે ત્યારે દોષનો ટોપલો, બીજાના ઉપર ઢોળવા મથે છે.

જીવનમાં શક્ય હોય તો પાંચને પૂછીને કાર્ય આરંભ કરવું.

એ સલાહ પછી પણ પોતાની સૂઝ મુજબ તારણ કાઢવું. જો વિપરિત પરિણામ મળે તો પણ ધૈર્યપૂર્વક આપત્તિઓને સહન કરવી.

સુવિચાર

- હટ જાઓ નજરોં સે, અભી તુમ ગિરને લગે હો,
  કલ તક તમુ મુઝે સંભાલતે થે, આજ તુમ ખુદ ફિસલને લગે હો - **સુરેશ સૈની**
- ભકિત કહે છે : બ્રહ્મ મારો છે, જ્ઞાન કહે છે : હું જ બ્રહ્મ છું - **માનસ સૂત્ર**
- માણસ સહન ન કરી શકે તેવી પ્રેમની દશા એ ભકિત માર્ગની એક દશા છે - **જીવન પાથેય**
- જેનામાં ભકિત ઉતરે એને અમતૃ તત્વ મળે - એ અમર થાય - મૃત્યુની એને ચિંતા નહીં - **ધર્મલોક**
- જયાં સુધી કસોટી કસોટી લાગે ત્યાં સુધી સાધના અધૂરી છે, કસોટી પણ જયારે કૃપા લાગે ત્યારે સાધના સફળ બને છે - **મોરારિબાપુ**
- પ્રેમ માટે હાથમાં જળ નથી લેવું પડતું, બંને આંખોમાં જળ લઈને સંકલ્પ કરવાનો હોય છે - **ખલીલ ધનતેજવી**
- આજનું ઔષધ : સ્ટ્રોબેરીના ટુકડા કરી તેને ફ્રિઝમાં ઠંડી કરી તેને આંખો પર મુકી રાખવાથી આંખોનો સોજો ઉતરે છે તથા આંખોમાં ઠંડક થાય છે. **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

ડૉ. રાજેન્દ્રપ્રસાદ રાષ્ટ્રપતિ બન્યા પછી રાષ્ટ્રપતિ ભવનમાં એક સાંજે આધ્યાત્મ જગતના મહાનુભાવોને આમંત્રણ આપી એક નાનો સત્સંગનો કાર્યક્રમ ગોઠવ્યો હતો. આ પ્રસંગે હરિદ્વારના શરણાનંદજી મહારાજ પણ ઉપસ્થિત હતા. સત્સંગ દરમિયાન ડૉ. રાજેન્દ્ર પ્રસાદે શરણાનંદજીને એક પ્રશ્ન પૂછયો, 'મહાત્માજી, અમને પ્રશ્ન થાય છે કે સામે રસ્તો છે, મંઝીલ પણ છે અને ચાલવાની ઈચ્છા પણ છે, તેમ છતાં અમે યાત્રાનો આરંભ કરી શકતાં નથી તો એનું કારણ જણાવો.'

શરણાનંદજી એક જ શબ્દ જવાબમાં બોલ્યા, 'કરુણા'.

ડૉ. રાજેન્દ્રબાબુ કંઈ સમજી શકયા નહીં એટલે શરણાનંદજીએ ઉમેર્યું, 'ડોકટર સાહેબ, એનું કારણ છે કરુણાનો અભાવ, તમે એને વેદનાનો અભાવ કે પીડાનો અભાવ પણ કહી શકો. માતાના પેટમાં અસહ્ય પીડા થાય ત્યારે જ પ્રસવ થાય છે તમારા હૃદયમાં એ પીડા ઉદભવતી નથી એટલે યાત્રાનો આરંભ પણ થતો નથી. જેમના હૃદયમાં પીડા થાય છે, જેમને કરુણાનો સ્પર્શ થાય છે તે બધું છોડીને નીકળી પડે છે. ભગવાન બુધ્ધને વેદના થઈ, મહાવીરને વેદના થઈ, શંકરાચાર્યને વેદના થઈ અને તેઓ સર્વસ્વ છોડીને પરમતત્વની શોધમાં નીકળી પડયા.'

રાષ્ટ્રપતિ સહીત ઉપસ્થિત સૌ મહાનુભાવોએ ઉપરોકત જવાબને તાળીઓથી વધાવી લીધો.

ભારતીય જનતા પાર્ટીનો વિસ્તારવાદી ચહેરો

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આંતરરાષ્ટ્રીય ફલક પર ચીન સામે વિસ્તારવાદી વલણ ધરાવતું હોવાના મુદ્દે કટાક્ષ કરતા રહે છે. અદ્દલ ચીનમાં એકચક્રી શાસન ધરાવતી રાજકીય પાર્ટી જેવી જ કૂટનીતિ દેશમાં ભારતીય જનતા પાર્ટી કરી રહી છે તે હવે કોઈથી અજાણ્યું નથી રહ્યું. કોંગ્રેસમુક્ત ભારત કરવાના મહત્વાકાંક્ષી કાર્યક્રમમાં મોદી-શાહ આણિ મંડળીને લગભગ ધારી સફળતા સાંપડતી રહી છે. કોંગ્રેસ પછી એના નિશાન પર શક્તિશાળી પ્રાદેશિક પાર્ટીઓ છે, જે પૈકી કેટલીક તો એને દિલ્હીના મયૂરાસન સુધી પહોંચાડવામાં મદદરૂપ થતી રહી છે. બિહારમાં બે સ્થાનિક સમર્થક પાર્ટીઓને એક-બીજાની સામે લાવી દેવાની જોખમી રાજનીતિ પણ ભાજપની કેન્દ્રીય નેતાગીરી કરી શકે છે જેનો અહેસાસ નીતીશકુમાર અને ચિરાગ પાસવાન બેઉને થયો જ હોય પણ કહે કોને ? શિવસેના પાસે હિંદુત્વ, મરાઠી માણૂસ અને શરદ પવારનું સમર્થન ન હોય તો એની પણ એ જ વલે થઈ હોત. હવે પછીનું ભારતીય જનતા પાર્ટીનું લક્ષ્ય બંગાળમાં મમતા બેનરજી તૃણમૂલ કોંગ્રેસ, તેલંગાણામાં ચંદ્રશેખર રાવની પ્રાદેશિક પાર્ટી તથા અત્યાર સુધી સતત એના સમર્થનમાં રહેલ અકાલીદળ છે. પંજાબમાં તો એણે અકાલીદળને હાડપિંજર બનાવી રઝળતી કરી જ દીધેલ છે. ઉત્તરપ્રદેશમાં પહેલાં 'નેતાજી'ની પાર્ટી-સમાજવાદી પાર્ટીના ભાગલા કરાવ્યા અને હવે માયાવતીની બહુજન સમાજ પાર્ટીને અખિલેશ યાદવની સામે ભિડાવી દઈ બેઉનું નામું લખાઈ જાય એવી સ્થિતિનું નિર્માણ કર્યુ છે. કેરળમાં એનો ગજ વાગે એમ નથી છતાં દક્ષિણ ભારતના કર્ણાટકને કાવાદાવા કરી સર કરી લીધા બાદ હવે તમિલનાડુમાં લોકપ્રિય અભિનેતા સાથે ગઠબંધન કરીને અને જયલલિતાના વફાદાર ગ્રૂપને સાથે રાખીને ભાજપ અદ્દલ જમ્મુ અને કાશ્મીર જેવી સત્તાની ભાગીદારી હાંસલ કરવાની નેમ રાખે છે. જતી ઉંમરકે રજનીકાંતને ચૂંટણી લડવાનું જોખમ નહીં ખેડવાની એમના ડૉક્ટરોએ સલાહ આપી છે છતાં 'મુખ્યમંત્રી'નું પદ ઓછું લોભામણું નથી હોતું. બધા આપણા વિજયભાઈ જેવા નસીબદાર નથી હોતા !

હૈંદરાબાદ બૃહદ નગરપાલિકાની ચૂંટણી જાણે વડાપ્રધાનને ચૂંટવાની ચૂંટણી હોય એટલું જોર ભારતીય જનતા પાર્ટી કરી રહી છે - એ મતલબનું ઓવૈસીનું નિવેદન સૂચક છે. ઓવૈસી ભારતીય રાજકારણનું અવાંછિત તત્વ છે. એમણે પણ પારિવારિક રાજકારણ જમાવ્યું છે અને હૈદરાબાદ જાણે એમના બાપની જાગીર હોય એમ વર્તતા રહ્યા છે. મુસલમાનોનાં હિતોની સલામતીના નામે એ દેશના ગરીબ મુસલમાનોને ઉશ્કેરતા ફરે છે અને ભારતીય જનતા પાર્ટીના હિંદુ કાર્ડને વધુ અસરકારક બનાવતા રહે છે. બિહારમાં ઓવૈસીએ મુસ્લિમ વિસ્તારોમાં ઉમેદવારો ઉભા કરી દઈને એનડીએને જ ફાયદો પહોંચાડ્યો હતો તે હવે કોઈથી અજાણ્યું નથી. ભાજપ આવાં નકારાત્મક તત્વો સામે બાથ ભીડે છે ત્યારે પ્રજા એને ખોબલે ખોબલે વોટ આપી વધાવી લેતી હોય છે. હૈદરાબાદ 'મિની પાકિસ્તાન' ન બની જાય એ માટે પણ ત્યાં ભગવા પક્ષની હાજરી જરૂરી છે. કોંગ્રેસની ઐતિહાસિક ભૂલોને ભારતીય જનતા પાર્ટી સુધારી રહી છે - અલબત્ત એના સંકુચિત સ્વાર્થ માટે. સરવાળે એ કોંગ્રેસ કરતાં પણ વધુ નીચા પાયદાન પર ઊતરીને સત્તાકારણ કરતો રહેલો રાજકીય પક્ષ છે. અલગ તેલંગાણાના આંદોલનના સૂત્રધાર ચંદ્રશેખર રાવ માટે ભારતીય જનતા પાર્ટીનો હૈદરાબાદ પ્રવેશ મૃત્યુઘંટ સમાન બની રહેશે. એથી પાણી પહેલાં પાળ બાંધતા હોય એમ આ ચતુર અને મહત્વાકાંક્ષી પ્રાદેશિક નેતા ઓવૈસી સાથે સંકલન રાખી બૃહદ હૈદરાબાદ મહાનગરપાલિકા પર કબજો બરકરાર રાખવા મથી રહ્યા છે. મૂળે હૈદરાબાદ નિઝામનું રજવાડું હતું. નિઝામનું ચાલ્યું હોત તો એ પાકિસ્તાનમાં હોત. સરદાર પટેલે આપણી ભાષાના મહાન નવલકથાકાર કનૈયાલાલ મુનશી અને વી.પી. મેનનને એ વખતની ડામાડોળ પરિસ્થિતિ સાચવી લેવા હૈદરાબાદ મોકલ્યા હતા. ઓવૈસીને ગૃહમંત્રી અમિત શાહે એ ઐતિહાસિક ભૂતકાળ યાદ કરાવી હૈદરાબાદને નિજામનું રજવાડું મિટાવી 'મિની ઈંડિયા' બનાવવાની ચીમકી આપી છે. ઉત્તરપ્રદેશના 'હિન્દુત્વ હીરો' મુખ્યમંત્રીએ તો ભાગ્યલક્ષ્મી દેવીનું મંદિર ધરાવતા મહાનગરનું નામકરણ સુધ્ધાં બદલી નાખીને 'ભાગ્યનગર' કરવાની ચેતવણી આપી છે. અલબત્ત, સદીઓથી સાંપ્રદાયિક સૌહાર્દ ધરાવતા હૈદરાબાદને હિંદુ-મુસલમાનમાં વહેંચવા મથતાં 'તત્વો'થી દૂર રહેવા મતદાતાઓને ચેતવી એની ગંગાજમની તહેજીબ બરકરાર રાખવા હાકલ કરી છે.

માણસમાં જ્યારે ઈચ્છાશક્તિ સવાર થાય ત્યારે એ ધરમૂળથી બદલાવ લાવી શકે છે

અજવાળું - અજવાળું
તુષાર જોશી

"રેખા કી આંખોં મેં ગિરકર ઉઠને કી એક કૈફિયત થી. જિંદગી લોગોં કો હિલાકર રખ દેતી હૈ ! ઈન્સાન બાર બાર ગીરતા હૈ મગર જબ તક વો હર બાર ઉસી તાકાત સે ના ઊઠે, ઉસકે અંદર જીનેકા અંદાઝ પૈદા નહીં હોતા. ટૂટ કર બિખરને કે બાદ વાપસ સંભલને કી ઈસી તાકત કા અહેસાસ રેખા કી આંખો મેં થા !"

આ વાક્ય વાંચ્યા પછી વાચકને થશે કે કઈ રેખાની વાત છે ?

આ વાક્ય કહ્યું છે ફિલ્મ નિર્દેશક મુઝફરઅલીએ... રેખા વિશેના એક પુસ્તકના લેખક યાસિર ઉસ્માન આ પુસ્તકમાં લખે છે કે એ સમયે અભિનય સંદર્ભે સ્થાપિત અભિનેત્રી સ્મિતા પાટીલ વિકલ્પરૂપે તેમની સામે હતી, તો પણ તમે રેખાને કેમ પસંદ કરી ? આ સવાલના જવાબમાં મુઝફરઅલીએ લેખના આરંભે લખ્યું ને વાક્ય કહ્યું હતુ.

મુંબઈ આવ્યા બાદ એક પણ ફિલ્મ હજી રીલીઝ થઈ ન હતી ત્યારે ૧૯૬૯માં ગોલ્ડ સ્પોટની એડ. રેખાએ કરી હતી જેના દશ્યો શ્યામ બેનેગલે લીધા હતા.

પરિવારને આર્થિક બોજમાંથી બહાર લાવવા બી ગ્રેડની ફિલ્મો ધડાધડ સાઈન કરતી રહી હતી રેખા...

૧૯૭૦ ની સાવન ભાદો ફિલ્મના દશ્યો જોઈને એના શરીરના મજબૂત કદ-કાઠી તથા સાંવલો રંગ જોઈને ફિલ્મી દુનિયાના લોકો અને દર્શકોએ વરસો સુધી એની મજાક ઊડાવી હતી.

૧૯૭૩ ની ફિલ્મ નમકહરામ અમિતાભ સાથેની એની પહેલી ફિલ્મ હતી પરંતુ બંન્નેનો સાથે કોઈ સીન ન હતો.

શુંટીંગના શીડ્યુલમાં સતત અને સખત લાપરવાહીથી વર્તવા માટે જાણીતી હતી રેખા... તો યે નસીબ જોગે એને ફિલ્મો મળ્યા કરતી હતી.

ફિલ્મ ઈન્ડસ્ટ્રીના તમામ જાણીતા મેગેઝીનોમાં રેખા એની આદતો - સ્વભાવ - આખા બોલાપણું - અલ્લડતા અને સંબંધોના કારણે છવાયેલી રહેતી હતી.

એક સમય એવો પણ આવ્યો જ્યારે રેખાએ કોઈ અકળ કારણોસર પોતાની સેક્સી ઈમેજને એકાએક બદલી નાખી - સ્ટાઈલીશ થઈ ગઈ અને પોતાની ગરિમાપૂર્ણ છબી ઉભી કરવામાં સફળ પણ થઈ.

મશહૂર પાકિસ્તાની ગાયિકા આબિદા પરવીન મુંબઈમાં એક ખાનગી કાર્યક્રમમાં ગાવા આવ્યા ત્યારે આબિદા પરવીને યજમાનને કહ્યું હતું કે શ્રોતાઓમાં રેખાને ખાસ બોલાવજો. આબિદા પરવીન ગાતા રહ્યા, રેખા દાદ દેતી રહી.

૮ જાન્યુઆરી ૨૦૧૬ મુંબઈમાં સ્ટાર સ્ક્રીન એવોર્ડ્સમાં બેસ્ટ એકટર તરીકે અમિતાભ બચ્ચનનું નામ જાહેર થાય છે, એ ઉભા થઈને મંચ પર જાય છે ત્યારે પહેલી હરોળમાં રહેલા જયા બચ્ચનની બાજુમાં આવીને રેખા ઉભી રહી જાય છે બન્ને સન્માનને તાલીઓથી વધાવે છે.

યાસિર ઉસ્માને લખેલા અને સુશીલચંદ્ર તિવારી તથા અનુરાગ શુકલાએ અનુવાદ કરેલા આ પુસ્તકમાંથી તાજેતરમાં વાચક રૂપે પસાર થયો અને હિન્દી સીનેમાની અભિનેત્રીઓ પૈકી એક જાજરમાન નામ રેખાની આસપાસ રહેલી કેટકેટલી વાતો જાણવા મળી.

મૂળ નામ ભાનુ રેખા ગણેશન. ફિલ્મ કારકિર્દીનો આરંભ કર્યો તેલુગુ ફિલ્મ "રંગુલા રત્નમ"થી અપાર વૈવિધ્ય રહ્યું છે એક શ્રેષ્ઠ અને નીવડેલ અભિનેત્રી તરીકેની એની અદાકારીની યાત્રામાં શમિતાની સુપર નાની, ક્રીશ-૩, ઓમ શાંતિ ઓમ, પરિણીતા, આસ્થા, ઈન્સાફ કી દેવી, દાસી, રામ બલરામ, ઘર, નાગિન, સિલસીલા જેવી નામી-અનામી ફિલ્મોમાં રેખાએ પોતાની મહેનત-ખુબ સુરતી અને અદાઓનો જાદુ પાથર્યો. ઉમરાવજાન અને ઉત્સવ, કામસુત્ર અને મુકદ્દર કા સિકંદર જેવી ફિલ્મોમાં રેખાએ જાણે જીવ રેડીને અભિનય કર્યો છે.

એક સમયે એટલે કે ૧૯૭૦-૮૦ કે ૯૦ ના દાયકાઓમાં જેઓએ પોતાની યુવાની પસાર કરી છે તેમને ખ્યાલ હશે કે હિન્દી સીનેમામાં રેખા નામનો કેવો જાદુ પથરાયેલો રહ્યો છે. આજની નવી પેઢી પણ જ્યારે જ્યારે કોઈ અવોર્ડઝ વિતરણ કાર્યક્રમમાં કે સમારોહમાં રેખાને જુએ છે ત્યારે આજે પણ ઉંમરના ૬૬મા વર્ષે એના વ્યક્તિત્વમાંથી બહાર આવતી ગરવાઈ અને ગૌરવને, સહજતા અને મધુરતાને, એના પ્રત્યેક હલન-ચલનમાંથી પ્રગટતી અદાકારીને અને વિશેષ તો રેખાએ અનુભવેલા સંઘર્ષને પામી શકે છે.

માણસ માત્રમાં જ્યારે અપ્રતિમ ઈચ્છાશક્તિ સવાર થાય ત્યારે એ પોતાની જાતમાં ધરમૂળથી બદલાવ લાવી શકે છે. અને એની એ લાગણી એની આંખોમાં - તેજ રૂપે અભિવ્યક્ત થાય છે... રેખાના વ્યક્તિત્વમાંથી આવા જે તેજના અજવાળા પથરાય છે.

પશુ-પંખી વનસ્પતિની નજીક જવાથી માણસ પોતે ચોખ્ખો જ બનવાનો છે

વિચારયાત્રા
ડો. જય ઓઝા

મારા માથે આકાશ છે, પણ મારું આકાશ ક્યાં છે ?
સૌના મુખે ભાષા છે, પણ મારી ભાષા ક્યાં છે ?
મને શોધ છે –
મારા નામે અંકિત થાય તેવા સર્જનાત્મક સમયની;
મને શોધ છે –
મારા કામને કોળાવી દે એવા વિસ્મયની;
મારી પાસે પગલાં છે,
પણ એના માટે જાગતો-ઝૂરતો રસ્તો ક્યાં છે ?
મારો પંડનો પડછાયો છે,
પણ એની ખબર લે એવો ઓલિયો-ફિરસ્તો ક્યાં છે ?
મને શોધ છે –
મારા અવકાશને કલ્લોલાવે એવા કલરવની;
મને શોધ છે –
મને પાંખાળો કરે એવા પવનના પનોતા પદરવની;
મારી પાસે દરિયો છે,
પણ તળિયાના તેજના મનમોજી મરજીવા ક્યાં છે ?
મારી પાસે દુનિયા છે,
પણ દૈવતના દેશના અમિયલ દૃષ્ટિના દિવા ક્યાં છે ?

- ચંદ્રકાન્ત શેઠ

આ સમયે તદ્દન નવા સમીકરણો સાથે નવા આયામો અને નવા જ પ્રકારના અનુભવો સાથે જ જીવવાનો આવ્યો છે. અત્યારે શારીરિક નહીં પરંતુ માનસિક રીતે વ્યથિત કરી દેતી પરિસ્થિતિઓ હર એક પરિવારમાં એક યા બીજા કારણોસર ઉદ્‌ભવી રહી છે. દેખીતા કારણો અલગ અલગ હોઈ શકે જેમકે, કોઈ જગ્યાએ શારીરિક એટલે કે બીમારીનું કારણ હોય તો વળી બીજી જગ્યાએ આર્થિક કારણો હોય સામાજિક કારણો હોઈ શકે.

અત્યારે સંબંધો કસોટીની એરણે ચઢયા છે, તો વળી પૈસા અને તેના દ્વારા ઉદભવતા ગરજાઉ સપાટી ઉપરના સગાઓ કે જે વહાલાઓ નથી તે ઓળખાઈ રહ્યા છે. અત્યારે **immunity system** વધારવા માટેના ઘણા ડોશી વૈદ્ય બજારમાં મળે છે પરંતુ કમ્યુનિટી સિસ્ટમને સામાજિક સ્થિતિઓને સુદૃઢ બનાવવાના કોઈ જ કારગર ઉપાયો જડતા નથી. અત્યારે ઈચ્છા હોવા છતાં સગાઓ સગાની પાસે ઊભા રહી શકતા નથી ત્યારે સ્વયં ચેતનાથી જ આગળ વધવું આવશ્યક બની ચૂક્યું છે. મારું પોતાનું આકાશ મારા પોતાના પગલાં મારા પોતાના વિચારો મારો પોતાનો મનનો ઓરડો આ બધી જગ્યાએ પહોંચવાનું આ તો એક નિમિત્ત બન્યો છે કોરોના.

ઘણીવાર આપણે એવી બૂમો પાડતા હોઈએ છીએ અને જે સાચી પણ છે કે આપણે આપણી માટે કશું કરી શકતા નથી. આપણે આપણો અવાજ અનુસરી શકતા નથી આપણે આપણું અસ્તિત્વ ઉજવી શકતા નથી. તો પછી લ્યો અવસર આવી ગયો છે. આપણે આપણી માટે, આપણા વિચારોને આપણી માનસિક સ્થિતિને એટલી હદે મજબુત બનાવીએ કે જેથી કરીને કોઈ કોરોના આપણને પાંગળા ન બનાવી શકે.

કવિએ આ કવિતામાં જે શબ્દો વાપરે છે તે વાંચીને મજા પડી જાય છે

કોળાવી દે, કલ્લોલાવે, અમિયલ દૃષ્ટિ... આ બધા શબ્દો વાંચ્યા ત્યારે ધ્યાનમાં આવે કે આપણી ગુજરાતી ભાષા કેટલી સમૃદ્ધ છે અને આપણે ઘણી વખત વારંવાર એકના એક શબ્દો વાપરીએ છીએ. પરંતુ વાસ્તવમાં આપણી ભાષા પાસે પુષ્કળ નાવીન્યસભર શબ્દોની ભરમાર છે.

ખેર આ સમયે કે જ્યારે આપણે સમાજમાં હોવા છતાં પણ એકલા છીએ. પરિવારમાં હોવા છતાં પણ વિભક્ત છીએ. ત્યારે આપણે બધી જ ફરિયાદને શમાવવાનો સમય થઈ ગયો છે. જે ફરિયાદો આ કવિતામાં કવિએ કરી છે મારા પંડનો પડછાયો, પંડના પડછાયાની ખબર આપણે ભાગ્યેજ લેતા હતા. આપણામાં જે માહ્યલો છે એની ખબર કાઢવાનો સમય આપણને મળ્યો છે.

આપણે હંમેશા બૂમો પાડતા આવ્યા છીએ કે બચપણ ગયું એટલે વિસ્મય પણ ગયું, પણ ખરું તો એ છે કે વિસ્મયને માત્ર બચપણ સાથે નિસ્બત નથી જ નથી. વિસ્મય તો તમારું, મારું સૌનું હર હંમેશ આપણી પાસે જ હોય છે. અવનવી ઘટનાઓમાં હોય છે, અવનવા પ્રસંગોમાં હોય છે. સવારના સૂર્યોદયમાં હોય છે અને સાંજના સૂર્યાસ્તમાં હોય છે. પક્ષીઓના કલરવમાં હોય છે. ખિસકોલીની ચડ-ઉતરમાં હોય છે. ગલુડિયાની દોડાદોડીમાં હોય છે. કાબરની કિલકારીઓમાં હોય છે. સાંજે આકાશમાં રચાતા વાદળોના કેનવાસ પર હોય છે. આ બધા વિસ્મય શું માત્ર બચપણમાં જ દેખાતા હોય છે ? આ બધું તો જીવનભર આપણી આસપાસ હોય છે. હા એમ કહો કે બચપણમાં તમે આ વિષયોને માણી શકતા હતા. આ જ ચિત્રોને આ ઘટનાઓને વિસ્મય ગણી શકતા હતા ત્યારબાદ આપણે આપણા રૂટિનમાં એવા તો અટવાયા કે આ બધી વિસ્મયકારી પળોને આપણે માત્ર રૂટીન બનાવી દીધું. સવારે ઉઠીને બ્રશ કરવું જેમ ફરજિયાત છે તેમ સૂર્યને અર્ઘ્ય અર્પવો ફરજિયાત બની ગયો. અર્ઘ્ય અર્પતી વખતે તે સૂર્ય પાસેથી ઊર્જામાં લેતી વખતે એ સૂર્યના કિરણો જળની સપાટી અને જળ વચ્ચેની પારજાંબલી કિરણો આપણા શરીર સુધી પહોંચે છે એ અનુભવવાને બદલે માત્ર એક કળશ સૂર્યને ચડાવી દેવાની આપણે વિધિ બનાવી દીધી. સવારે પક્ષીને ચણ નાખવા જવાની આદત વિસ્મય છે પણ એ વિસ્મયને પણ આપણે માત્ર બે મિનિટનું રોજિંદુ કાર્ય બનાવી દીધું.

દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે ની અંદર અમરીશ પુરી પંજાબના કોઈ ખેતરમાં પોતાના કબૂતરોને ચણ નાખતો હોય અને પાછળ શાહરુખ ખાન જેમતેમ ધોતિયું પહેરીને એની જેમ ચણ નાખવાની ક્રિયા પિક્ચરમાં કેટલી બધી મહત્ત્વપૂર્ણ છે ! ત્રણ કલાકના પિક્ચરમાં બે વખત ચણ નાખવાની આ વાત એ સીનને આદીત્ય ચોપરાએ કેવો સરસ ઝીલ્યો છે! આપણા જીવનમાં તો આ ક્રિયા રોજ બને છે કબૂતરોનું ઘૂ ઘૂ. સાંભળતા સાંભળતા અને રોજ એક જેવા કબૂતરો આવતા હોય તેમાં એકાદ દિવસ કોઈ કાબરચીતરાં કબૂતર જોઈને આંખોમાં કેમ વિસ્મય નથી ચાલતું ! ખરેખર તો આજે પક્ષીઓ પાસે અને કુદરત પાસે જવાનો સમય આવ્યો છે. કારણ કે માણસ વગર જીવતા આ કુદરત આપણને ક્યારેય કોરોના વાયરસ ભેટમાં નથી આપવાનો. માણસને માણસથી ચેતવાનું છે પશુ-પંખી વનસ્પતિની નજીક જવાથી માણસ પોતે ચોખ્ખો જ બનવાનો છે મનથી અને શરીરથી બંને રીતે.

સ્વયં સાથે સંવાદ કરવાનો ઉત્તમ સમય છે.

જાયંટ ઝોહો કોર્પોરેશનના સર્વેસર્વા શ્રીધરની કહાની છે જરા હટકે...

આત્મનાદ
પુલક ત્રિવેદી
pulak63@gmail.com

અમેરિકા, કેનેડા, યુરોપના દેશોમાં જઈને રૂપિયા રળીને ત્યાં જ સેટલ થઈ જવાનો મોહ ચરમ ઉપર છે ત્યારે શ્રીધર વેંબુ જેવા ટેકનોક્રેટ્સ સમાજને સાદગી અને માતૃભૂમિ માટે પ્રેમના કટોરા પીવડાવતો હોય એમ લાગે છે. દક્ષિણ ભારતના તામિલનાડુના થાંજાવુર જિલ્લાના એક નાનકડા ગામમાં સામાન્ય ખેડૂત પરિવારમાં વર્ષ ૧૯૬૭માં શ્રીધરનો જન્મ થયો હતો. પિતા ચેન્નઈની કોર્ટમાં સ્ટેનોગ્રાફરની સરકારી નોકરી કરતા હતા. અભ્યાસમાં તેજસ્વી શ્રીધર આઈઆઈટી, મદ્રાસમાંથી ગ્રેજ્યુએટ થઈને માસ્ટર્સ કરવા ન્યુ જર્સીની પ્રિસ્ટન યુનિવર્સિટીમાં ગયો. ત્યાં એણે માસ્ટર્સ પછી પીએચડી પણ કર્યું. દક્ષિણ ભારતના આ તેજોતર્રાર નવજુવાને કૉલેજ અભ્યાસ પછી બે વર્ષ જેટલો સમય કેલિફોર્નિયાના સાન ડિયેગોમાં વાયરલેસ ઈજનેર તરીકે જોબ કરી. પણ આ યુવાનને તો પોતાના દમખમ ઉપર દુનિયા જીતીને પોતાના ઈરાદાઓ પાર પાડવાની જીદ હતી. એ જીદ એણે પુરી પણ કરી. વર્ષ ૧૯૯૬માં એણે તેના બે ભાઈઓ સાથે નેટવર્ક ટુલ્સની સોફ્ટવેર ડેવલપમેન્ટ હાઉસની સ્થાપના કરી. શ્રીધરની આ કંપનીનું નામ વર્ષ ૨૦૦૯માં ઝોહો કોર્પોરેશન આપવામાં આવ્યું. તાજેતરમાં ફોર્બ્સે ઝોહોને ૨.૪૪ બિલિયન નેટ વર્થ ધરાવતી કંપની તરીકે જાહેર કરી છે.

સાદુ જીવન અને ઉચ્ચ વિચારો સુખની શાન છે. આ સરળ સિદ્ધાંતને શાસ્ત્રો અને મહાપુરુષોએ અનેકવાર સમજાવવાનો પ્રયાસ કર્યો છે. શ્રીધર વેંબુ એક એવું નામ છે કે જે પબ્લિસીટી વર્લ્ડમાં હજુ સુધી બહુ ગાજ્યુ નથી. કોઈ મલ્ટી નેશનલ કંપનીના મેનેજર રેનોલ્ટની ડસ્ટર કે મારુતી સીઆઝ ખરીદવાની શક્તિ હોય એમ શ્રીધર માટે ત્રણસો સાડા ત્રણસો કરોડનું પ્રાઈવેર જેટ ખરીદવાની સહજ ક્ષમતા છે. ચેન્નઈથી છસો સાડા છસો કિલોમીટર દૂર તામિલનાડુ રાજ્યના ટેંકાસી જિલ્લામાં સફેદ લુંગી અને અડધી બાંયનું શર્ટ પહેરેલા સાઈકલ ઉપર ફરતા શ્રીધરને જોઈને કોઈને કલ્પના પણ ન આવે કે, આ માણસ રૂ. ૧૮૦૦૦ કરોડની માર્કેટ વેલ્યુ ધરાવતા ઝોહો કોર્પોરેશનનો માલિક છે. ૫૩ વર્ષીય શ્રીધરની આંખોમાં ભારતના ગામડાઓમાં સિલિકોન વેલી ઉતારી ગામડાના નવયુવાનોને ટેકનોક્રેટ્સ બનાવવાના સપના છે. સાદગી અને સૌમ્યતાએ શ્રીધરને અલગ પહેચાન આપી છે. લાઓત્સે કહે છે કે, વિડંબણા એ છે કે, બધાને દુનિયા બદલી નાખવી છે પણ કોઈને પોતાને બદલાવુ નથી. શ્રીધર જેવા લોકો સ્વયં બદલાઈને દુનિયામાં બદલાવ લાવે છે.

ઝોહો કોર્પોરેશનના સર્વેસર્વા શ્રીધર ઉપર લક્ષ્મીની સાથે સાથે મા સરસ્વતીની પણ અસીમ કૃપા રહી છે. શ્રીધરના સપના અને ઈરાદાઓ બીજા ધનિકો કરતા જરા હટકે છે. યુએસ સોફ્ટવેર માર્કેટમાં અલગ પહેચાન ધરાવતી ઝોહોની બોર્ડ મિટીંગમાં ચારેક વર્ષ પહેલાં શ્રીધરે જ્યારે જાહેર કર્યું કે, એ ઝોહોનું વડુ મથક કેલિફોર્નિયાથી બદલીને બીજે લઈ જવા માંગે છે ત્યારે બોર્ડ મેમ્બર્સ તો શ્રીધરનો આ વિચાર સાંભળીને હચમચી ગયા. એમણે પૂછ્યું કે, 'આપણે કેલિફોર્નિયાથી સીએટલ કે હ્યુસ્ટન શીફ્ટ થવા માંગીએ છીએ ?' શ્રીધરે સ્માઈલ સાથે બોર્ડના સભ્યોને કહ્યું, 'ના, આપણે યુએસથી ૧૩૦૦૦ કિ.મી. દૂર ભારતના ચેન્નઈ પાસેના એક નાના ગામમાં ઝોહોને લઈ જવી છે. ડેલ, એપલ, સિસ્કો, માઈક્રોસોફ્ટ જેવી કંપનીઓ પોતાના મથકો ભારતમાં ખોલી રહ્યા હોય તો આપણે કેમ નહીં ?'

ઝોહોના ટોપ ઓફિશીયલ્સ વિચાર કરતા એટલા માટે થઈ ગયા કે, કેલિફોર્નિયાના બે નામના વિસ્તારમાં ગુગલ, એપલ, ફેસબુક, ટ્વીટર અને સિસ્કો જેવા સોફ્ટવેરના જાયંટ પ્લેયર્સની ઓફિસો આવેલી છે. શ્રીધર કેલિફોર્નીયા બે જેવા વિસ્તારને છોડવાનું વિચારે છે. પ્રશ્ન એ થાય કે, શ્રીધર ઉપર બેંક કે સ્ટોક એક્સચેન્જનું ભારણ હતું ? પ્રતિસ્પર્ધીઓનો એને ડર હતો ? કોઈ નવું ક્ષેત્ર એ વિકસાવવા માંગતા હતા ? ના. આમાના કોઈ કારણ ન હતા. શ્રીધરે નકારાત્મકતાના કોઈ કારણથી નહીં પરંતુ સકારાત્મક વિચાર સાથે સ્વદેશ પરત આવવાનું વિચાર્યું હતું. વર્ષો પહેલા શ્રીધરે મનોમન સંકલ્પ કર્યો હતો કે જો એ કામિયાબ થશે તો કામિયાબીનો મોટો હિસ્સો એ ભારતમાં રોકાણ કરશે. કંપનીમાં નફાનો સિંહફાળો એ ગામડાઓમાં શિક્ષણ, પીવાનું પાણી, આરોગ્ય જેવા